EDI

Navgujarat Samay

February 20, 2015
Page No. 4

# EDI ખાતે એન્યુઅલ આંત્રપ્રિન્યોરશીપ સમિટ

**અમદાવાદઃ** આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા ખાતે ૨૦ ફેબ્રુઆરીથી એન્યુઅલ આંત્રપ્રિન્યોરશીપ સમિટ શરૂ થઇ છે. જેમાં હૈદરાબાદ, કોઇમ્બતુર, પુણે, ઇન્દોર, જબલપુર અને રાજકોટના વિદ્યાર્થીઓ પોતાના રિસર્ચ પેપર્સ રજૂ કરી રહ્યા છે. આ સમિટના ઉદ્‌ઘાટનમાં માર્કેટિંગ કમ્યુનિકેશન, ટેક્નિકલ એન્ડ ફાયનાન્શિયલ ઇનસાઇટ્સ ફોર સ્ટાર્ટ અપ્સ, બિલ્ડિંગ આંત્રપ્રિન્યોર્સ પર વાત થઇ હતી. આ સમિટના ઉદ્‌ઘાટનમાં બિઝનેસ વર્લ્ડ મેગેઝિનના ચેરપર્સન અનુરાગ બત્રા મુખ્ય અતિથી તરીકે હાજર રહ્યા હતાં. તેમણે વિદ્યાર્થીઓને નિષ્ફળતાથી ડરવાના બદલે નવા વિચારો આપવાની સાહસિકતા કેળવવા કહ્યું હતું. સમિટમાં સ્ટર્લિંગ હોસ્પિટલ્સના સીઇઓ રાજીવ શર્મા, સીનોવર્જ ના સીઇઓ પ્રશાંત હાલારી સહિત સંસ્થાના ડિરેક્ટર દિનેશ અવસ્થી પણ હાજર રહ્યા હતાં.